# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 09-07-2026** **Midday : 2.30 to 2.35 pm**

**Day : THURSDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

**(સમાચારને અંતે)**

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફૉલોૅ કરશો.**

---------------------------------------------------------------------

**આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)**

**(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)**

**(CLOSING MUSIC)**

# GUJ DATA CENTER POLICY

રાજ્ય સરકાર દ્વારા આજે વિકસિત ગુજરાત ડેટા સેન્ટર પૉલિસી 2026-29ની સત્તાવાર જાહેરાત કરવામાં આવી. ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે આ નીતિના શુભારંભ નિમિત્તે યોજાયેલા કાર્યક્રમને સંબોધતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું, ડેટા સેન્ટર્સની ભવિષ્યની માગ અને રાજ્યમાં ડિજિટલ અર્થતંત્રને વધુ મજબૂત બનાવવાના સંકલ્પ સાથે આ નીતિ જાહેર કરવામાં આવી છે.

**(BYTE: BHUPENDRA PATEL, CHIEF MINISTER)**

અમારા પ્રતિનિધિ દુર્ગેશ મહેતા જણાવે છે, આ નીતિથી ગુજરાતને દેશનું અગ્રણી હાયપર સ્કેલ અને કૃત્રિમ બુદ્ધિમત્તા – A.I. ડેટા સેન્ટર હબ બનાવવાનો લક્ષ્યાંક રખાયો છે. ઉપરાંત ડેટા સેન્ટર માટે 20 વર્ષ સુધી પ્રતિ એકમ એક રૂપિયાની વીજદર સહાય અપાશે. તેમજ જમીનની ખરીદી તથા ભાડા પર 100 ટકા સ્ટેમ્પ ડ્યૂટી અને નોંધણી ફીમાંથી મુક્તિ મળશે. સાથે જ વીજ ડ્યૂટીના 20 વર્ષ સુધી 100 ટકા રીએમ્બર્સમેન્ટ એટલે કે, ખર્ચ પરત મેળવવાની જોગવાઈ છે. આ નીતિમાં ડેટા સેન્ટર માટે 10 વર્ષ સુધી ચાર ટકા વ્યાજ સહાયની પણ જાહેરાત કરવામાં આવી છે.

# FARMERS DATA COMMITTEE

રાજ્યના કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ દ્વારા ખેડૂતોની માહિતીની સુરક્ષા માટે વિભાગીય ડેટા સમિતિ – DDCની રચના કરવામાં આવી. આ ત્રણેય વિભાગના અધિક મુખ્યસચિવ, અગ્રસચિવ અથવા સચિવ આ સમિતિનું નેતૃત્વ કરશે.

સત્તાવાર યાદી મુજબ, કેન્દ્ર સરકારના ડિજિટલ પર્સનલ ડેટા પ્રૉટેક્શન એક્ટ અને ગુજરાત સ્ટેટ ડેટા ગવર્નન્સ ફ્રેમવર્ક અંતર્ગત DDCની રચના બાદ ખેડૂતોની ગુપ્ત માહિતી સલામત રહેશે. તેમજ વચેટિયાઓ અને છેતરપિંડી પર નિયંત્રણ આવશે. ઉપરાંત ખેડૂતો સુધી સરકારની સહાય વધુ ઝડપથી પહોંચશે.

# DISTRICT RAIN OVERALL

રાજ્યના કેટલાક જિલ્લામાં વરસાદે વિરામ લીધો. દરમિયાન દક્ષિણ અને મધ્ય ગુજરાતના કેટલાક જિલ્લામાં આજે સામાન્ય વરસાદની સંભાવના છે. તો, સુરતમાં થયેલા અતિભારે વરસાદના કારણે હજી પણ અનેક વિસ્તારમાં વરસાદી પાણીનો નિકાલ થયો નથી. તેવામાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ વરસાદની સ્થિતિની સમીક્ષા કરવા આજે સુરત પહોંચ્યા. તેમણે મહાનગરપાલિકાની કચેરી ખાતે બેઠક યોજી સ્થિતિ તેમજ રાહત અને બચાવકાર્યની માહિતી મેળવી.

તો, ડાંગમાં ગત 24 કલાકમાં સૌથી વધુ એક ઇંચ જેટલો વરસાદ આહવા તાલુકામાં નોંધાયો. જ્યારે વઘઈ તાલુકાનો ઘોડ-વહળ વી.એ. રોડ બંધ કરાતા તંત્ર દ્વારા લોકોને વૈકલ્પિક માર્ગનો ઉપયોગ કરવા અનુરોધ કરાયો છે. જ્યારે ગઈકાલે સાંજે પાંચ વાગ્યા સુધીમાં બંધ 25 માંથી 24 માર્ગને વાહનવ્યવહાર માટે ફરી ખૂલ્લા કરાયા છે.

તાપીમાં પણ વરસાદના કારણે સોનગઢના ડોસવાડા ગામનો બંધ છલોછલ ભરાતા ભવ્ય નજારો જોવા મળ્યો. દરમિયાન નીચાણવાળા ગામોને સાવચેત રહેવા જણાવાયું છે.

# DWARKA KHALASI DEATH

દેવભૂમિદ્વારકાના સલાયા બંદરથી ઓમાન તરફ જતું મહેબૂબ એ બુખારી નામનું વહાણ દરિયામાં ડૂબી જતાં બે ખલાસીના મોત થયાના અહેવાલ છે. અમારા પ્રતિનિધિ કરણ જોષી જણાવે છે, ખરાબ હવામાન અને ઉગ્ર સમુદ્રી મોજાનાં કારણે મધદરિયે વહાણના બંને એન્જિન ફેઈલ થતાં આ બંને ખલાસી ડૂબી ગયા હતા. ઘટનાની જાણ થતાં નજીકમાં રહેલી અન્ય હોડીઓએ તાત્કાલિક પહોંચી દરમિયાન 12 જેટલા ખલાસીઓને સુરક્ષિત રીતે બચાવી લીધા છે.

# EVE STATE RAIN DATA

રાજ્યમાં આજથી વરસાદનું જોર ઘટતાં બપોરે 2 વાગ્યા સુધીમાં પંચમહાલના ગોધરા અને નર્મદાના ગરૂડેશ્વર એમ માત્ર બે તાલુકામાં સામાન્ય વરસાદ નોંધાયો. આ સાથે રાજ્યમાં અત્યાર સુધી મોસમનો કુલ સરેરાશ 24.63 ટકા વરસાદ થતાં રાજ્યની જીવાદોરી સમાન સરદાર સરોવર નર્મદા યોજનામાં 65.83 ટકા જેટલો જળસંગ્રહ થયો છે. તો, 10 બંધને હાઈઅલર્ટ પર રખાયા છે.

બીજી તરફ, અત્યાર સુધીમાં વહીવટી તંત્ર દ્વારા આઠ હજાર 162 લોકોનું સલામત સ્થળે સ્થળાંતર કરાયું. જ્યારે ત્રણ હજાર 711 જેટલા લોકોને બચાવાયા છે. જ્યારે માછીમારોને આગામી 12 તારીખ સુધી દરિયો ન ખેડવા સૂચના અપાઈ છે. દરમિયાન કોઈપણ કટોકટીને પહોંચી વળવા વિવિધ જિલ્લામાં રાષ્ટ્રીય આપત્તિ પ્રતિભાવ દળ – NDRFની 12 અને રાજ્ય આપત્તિ પ્રતિભાવ દળ – SDRFની 26 ટુકડી તહેનાત કરવામાં આવી છે.

# AHMEDABAD RTO NEW OFFICE

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ અમદાવાદમાં સુભાષબ્રિજ ખાતે પ્રાદેશિક વાહનવ્યવહાર કચેરી – RTO કચેરીનું લોકાર્પણ કર્યું. આ પ્રસંગે શ્રી સંઘવીએ કહ્યું, ટેક્નોલૉજીના મહત્તમ ઉપયોગ સાથે આ નવી કચેરી લોકોને વધુ પારદર્શક, ઝડપી અને સરળ સેવાઓ પ્રદાન કરશે. તેમજ ઑટોમેટેડ ડ્રાઈવિંગ ટેસ્ટ ટ્રેકથી લાયસન્સ પ્રક્રિયા સંપૂર્ણ પારદર્શક બનશે.

ઉપરાંત શ્રી સંઘવીએ RTO કચેરીના અધિકારીઓ સાથે બેઠક કરી લોકોને વધુ સારી ટ્રાફિક સુવિધાઓ કઈ રીતે આપી શકાય તે અંગે ચર્ચા કરી હતી.

# AMRELI LION CAGED

અમરેલીમાં એક યુવક પર હુમલો કરનારા બેમાંથી એક સિંહને ટેન્ક્યુલાઈઝ એટલે કે, બેભાન કરવાનું ઇન્જેક્શન આપી વનવિભાગે પાંજરે પૂર્યો છે. અમારા પ્રતિનિધિ હરેશ ટાંક જણાવે છે, અંટાળિયા રેવન્યુ વિસ્તાર અને લુવારિયા રિઝર્વ ફોરેસ્ટની સરહદ નજીક ગેરકાયદે સિંહદર્શન કરવા ગયેલા યુવકો પર સિંહે હુમલો કર્યો હતો. તેમાં એક યુવકનું મોત થતાં વનવિભાગ દ્વારા સિંહોને પકડવા તપાસ અભિયાન હાથ ધરાયું હતું. બીજી તરફ વનવિભાગે બે શંકાસ્પદ યુવકની અટકાયત કરી તેમની પૂછપરછ હાથ ધરી છે.